# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન: ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ: ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૨૧/૫/૨૦૨૩

* આવતીકાલે તારીખ ૨૨/૫/૨૦૨૩ ના રોજ "International day for Biological diversity" નિમિત્તે પ્રકૃતિ પ્રેમી સમાજ ને શુભેચ્છાઓ.

* જીવ સૃષ્ટિ ની રક્ષા કરવી તે સહુ ની જવાબદારી છે.
* ગુજરાત અને દેશ માં કેટલીય જીવ સૃષ્ટિ ની પ્રજાતિ લુપ્ત થઈ રહી છે.
* ગુજરાત માં થી ૨૪ થી વધારે જીવ સૃષ્ટિ ની પ્રજાતિ લુપ્ત થવા ના આરે.
* સમગ્ર દેશ માં ૪૨૦ થી વધુ વૃક્ષ, છોડ, વેલા, વનસ્પતિઓ લુપ્ત થવા ના આરે.
* સમગ્ર દેશ માં ૭૩ થી વધુ પ્રાણીઓ, પક્ષીઓ અને જળ સૃષ્ટિ ના જીવો લુપ્ત થવા ના આરે
* શું આવનારી પેઢી ગ્રેટ ઇન્ડિયન બસ્ટરડ, ખડમોર જેવા પક્ષીઓ જોઈ સકશે?
* શું ઊડતી ખિસકોલી, મળતાવડી ટીટોડી આવનારી પેઢી ને જોવા મળશે?
* સફેદ ખાખરો ,સિમુલ,દૂધ કુડી,કુકર, દુદલા જેવા વૃક્ષો અને મીઠો ગૂગળ, કાયારીવેલ,પલાસ વેલ, માર્ચ પાંડો જેવી વનસ્પતિઓ ગુજરાત માં જોવા મળશે ખરી?

આજ રોજ રાજીવ ગાંધી સમિતિ ખાતે પ્રેસ વાર્તા ને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયા એ આવતીકાલે તા. ૨૨/૫/૨૦૨૩ ના રોજ વિશ્વ બાયોડાઈવર્સિટી દિવસ એટલે જીવ સૃષ્ટિ ની વિવિધતા દિન ની પ્રકૃતિ પ્રેમીઓ ને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે પ્રકૃતિ ની સુરક્ષા કરવી સહુ ની ફરજ છે તેવી માત્ર વાતો કરવી પણ ખરા અર્થ માં એનું જતન કરવું નહિ તેવું કેટલાક આંકડાકીય પુરાવા થી સાબિત થાય છે. નેશનલ બાયોડાઈવર્સિટી બોર્ડ ના મુજબ દેશ માં ૪૨૦ થી વધુ વૃક્ષો, છોડ, વેલાઓ, વનસ્પતિઓ ખતરા માં છે. રાજ્યસભા માં કોંગ્રેસ નેતા શ્રી મુકુલ વાસનિક ના સવાલ ના જવાબ માં ,પર્યાવરણ મંત્રી એ જણાવ્યું છે કે દેશ માં ૭૩ થી વધુ પ્રાણી, પક્ષીઓ, દરિયાઈ જીવો વિલુપ્ત થવા ના આરે છે. ગુજરાત રાજ્ય નું પોતાનું ગુજરાત બાયોડાઈવર્સિટી બોર્ડ મુજબ ગુજરાત માં ૧૬ થી વધુ વૃક્ષો, વેલાઓ, વનસ્પતિઓ ની પ્રજાતિ ખતરા માં છે જ્યારે ૮ થી વધુ પ્રાણી, પક્ષીઓ અને દરિયાઈ જીવો ખતરા માં છે.

ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ ગત વર્ષ માત્ર ચાર દેખાયા હતા અને આ વર્ષે તો કદાચ એક પણ નહિ. શું આપણી આવનારી પેઢી માટે ખડમોર અને મળતાવડી ટીટોડી જેવા પક્ષીઓ શું નામ શેષ થઈ જશે? જટાયુ ની વાત આપણે રામાયણમાં સાંભળી હતી, પણ શું એ ગીધ પરિવાર ગુજરાત માં થી નામ શેષ થઈ જશે? શું આવનારા સમય માં પલાશ વેલ, મીઠો ગૂગળ જોવા નહિ મળે? શું સફેદ ખાખરો, દૂદલા,કુકર,દૂધ ફૂડી જેવા વૃક્ષો નામ શેષ થઈ જશે? એક નાગરિક તરીકે સહુ એ સવાલ

ઉપાડવો જોઈએ કે જીવ સૃષ્ટિ ના જતન માટે આપળે શું કરી રહ્યા છીએ? સરકાર આ જીવ સૃષ્ટિ ને બચાવવા માં ઉદાસીન કેમ? જીવ સૃષ્ટિ બચશે સે તો આપણે બચશું. સરકાર દ્વારા ભૂતકાળ ની કોંગ્રેસ સરકાર ની જેમ પ્રોજેક્ટ ટાઇગર અને વન સંરક્ષણ ના કાયદા લાવ્યા અને જીવ સૃષ્ટિ બચાવવા માટે ભરપૂર પ્રયાસો કરવા જોઈએ. પર્યાવરણ બચાવવા ની દિશા માં અલગ થી વિશેષ બજેટ ફળવાય તેની તકેદારી લેવી જોઈએ. પ્રજાતિઓ માટે વન મંત્રી વિશેષ પેકેજ ની જાહેરાત કરે તેવી એક નાગરિક તરીકે માંગ મૂકું છું.

ગુજરાત માં થી વિલુપ્ત થતી કેટલીક પ્રજાતિઓ ના નામ

ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ પક્ષી

ખડમોર પક્ષી

મળતાવડી ટીટોડી પક્ષી

ખેરો (ઇજિપ્તીયન ગીધ) પક્ષી

ઇન્ડિયન વલચર (ગીધ) પક્ષી

સુડિયો પક્ષી

કાળી ડોક પક્ષી

જળ બિલાડી

ઊડતી ખિસકોલી

બાર્કિંગ ડિયર કાકર

સીમુલ વૃક્ષ

ઉરો વૃક્ષ

સફેદ ખાખરો વૃક્ષ

દૂધ ફૂડી વૃક્ષ

કુકર વૃક્ષ

મીઠો ગૂગળ

કાયારી વેલ

પલાશ વેલ

માર્ચ પાંડો વનસ્પતિ

કાચિંડા ગરોળી ની એક પ્રજાતિ ચાચી

વ્હાઈટ રમ્પડ વલચર ગીધ

હોક્સ બિલ તર્ટલ કાચબો


પાર્થિવરાજસિંહ કઠવાડિયા

પ્રવકતા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

૯૮૯૮૧૩૪૧૪૯